+ ZOOM

દેશને પીએમનું રાષ્ટ્રજોગ પ્રવચન : દેશની મહિલાઓની માફી માગી, વિપક્ષી પાર્ટીઓને સ્વાર્થી ગણાવી

નારી અપમાન નથી ભૂલતી, વિપક્ષને સજા મળશે : મોદી

> દેશની નારી શક્તિની ઉડાનને રોકી દેવાઈ, તેમના સ્વપ્નોને કચડી દેવામાં આવ્યા છે, અમારું આત્મબળ અજેય છે અને અમારી સરકારે હજુ હાર નથી માની : વડાપ્રધાન

| નવી દિલ્હી |

મહિલા અનામત બિલને સંસદની મંજૂરી નહીં મળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સાંજે રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું અને મહિલા અનામત મુદ્દે વિપક્ષ પર માછલા ધોયા હતા. પોતાના સંબોધનની શરૂઆત કરતા વડાપ્રધાને કહ્યું હતું કે હું આજે એક અત્યંત મહત્ત્વપૂર્ણ વિષય પર દેશની માતાઓ, બહેનો અને દીકરીઓ સાથે વાત કરવા આવ્યો છું. તેમણે કહ્યું હતું આજે ભારતનો દરેક નાગરિક જોઈ રહ્યો છે કે કઈ રીતે ભારતની નારી શક્તિની ઉડાનને રોકી દેવાઈ છે. તેમના સ્વપ્નોને નિર્દયી રીતે કચડી નખાયા છે. અમારા અથક પ્રયાસો છતાં અમે સફળ નહોતા થઈ શકયા. નારી શક્તિ વંદન અધિનિયમમાં સંશોધન નથી થઈ શકયું. તેથી હું તમામ માતાઓ, બહેનોની માફી માગુ છું. અમારામાં મારે દેશનું હિત સર્વોપરી છે. વડાપ્રધાને કહ્યું હતું કે જ્યારે કેટલાક લોકો માટે પાર્ટીનું હિત સર્વપ્રથમ થઈ જાય, પાર્ટી હિતથી મોટું થઈ જાય ત્યારે નારી શક્તિને તેની નુકસાન વેઠવી જ પડે છે. કોંગ્રેસ, DMK, TMC અને સમાજવાદી પાર્ટી જેવા પક્ષોની સ્વાર્થી રાજનીતિનું નુકસાન દેશની નારી શક્તિએ વેઠવું પડ્યુ છે.

કાલે દેશની કરોડો મહિલાઓની સંસદ પર નજર હતી. દેશની નારી શક્તિ જોઈ રહી હતી. મને આ જોઈને દુઃખ થયું કે જ્યારે નારી હિતનો આ પસ્તાવ સંસદમાં પડ્યો ત્યારે કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી, સપા જેવી પરિવારવાદી પાર્ટીઓ ખુશીથી તાળીઓ વગાડી રહી હતી. મહિલાઓ પાસેથી તેમના અધિકાર છીનવીને આ લોકો બેન્ચ થપથપાવી રહ્યા હતા. નારી બધુ ભૂલી જાય છે. પોતાનું અપમાન કયારેય નથી ભૂલતી. મહિલા અનામતનો વિરોધ કરીને વિપક્ષે જે કર્યું છે, તેની સજા તેમને જરૂર મળશે.

વિપક્ષી પાર્ટીઓ ભ્રૂણ હત્યાની ગુનેગાર છે

આ બિલ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ તમામ રાજ્યોની દરેક રાજ્યની શક્તિમાં સમાન વધારાનો પ્રયાસ હતો. તે સંસદમાં તમામ રાજ્યોના અવાજને વધારે શક્તિ આપવાનો પ્રયાસ હતો. પરંતુ આ પ્રામાણિક પ્રયાસની કોંગ્રેસ અને તેના સાથીઓએ ગૂઢમાં સમગ્ર દેશની સામે ભ્રૂણ હત્યા કરી નાખી છે. આ કોંગ્રેસ, ટીએમસી, સમાજવાદી પાર્ટી અને ડીએમકે જેવા પક્ષો આ ભ્રૂણ હત્યાના ગુનેગાર છે. કારો નારી શક્તિ વંદન બિલનો જે લોકોએ વિરોધ કર્યો હતો તેમને હું ચોખ્ખા શબ્દોમાં કહીશ કે આ લોકો નારી શક્તિને કોર ગ્રાન્ટેડ લઇ રહ્યા છે. આ લોકો ભૂલી રહ્યા છે કે રબમી સદીની નારી શક્તિ દરેક ઘટના પર નજર રાખે છે.મહિલા અનામતનો વિરોધ કરીને વિપક્ષે જે પાપ કર્યું છે, તેની સજા તેમને જરૂર મળશે.

કોંગ્રેસને મહિલા શક્તિથી નફરત છે

વડાપ્રધાને કહ્યું હતું કે કોંગ્રેસને તો મહિલા શક્તિના નારાથી જ નફરત છે. તે હંમેશાથી મહિલા શશક્તિકરણને રોકવાના કાવતરા કરે છે. દર વખતે કોંગ્રેસે તેમાં રોડા નાખ્યા છે. આ વખતે પણ કોંગ્રેસ અને તેના સાથીઓએ મહિલા અનામતને રોકવા માટે એક બાદ એક નવા વૃદ્ધાણાનો સહારો લીધો હતો. કોંગ્રેસ અને તેના સાથીઓએ દેશને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. અને આમ કરીને આ પક્ષોએ નારી શક્તિ સામે પોતાની વાસ્તવિક સદ્દેશ દેખાડી કર્યાં હતી.

નારી શક્તિ વંદન સંશોધન સમયની માગ

વડાપ્રધાને કહ્યું હતું કે ગૂઢમાં નારી શક્તિ વંદન સંશોધનથી કોઇનું કંઇ છીનવાઇ જવાનું તે કોઇએ કંઇને કંઇ આપવા માટે હતું. ૪૦ વર્ષથી વટહેલા નારીના અધિકારને કોઇએ લોકસભા સુંટણી પહેલા તેમના અધિકાર આપવા માટેનું આ સંશોધન હતું. બિલ રબમી સદીની નારીને નવી તક આપવા, નવી ઉડાન આપવા, અવરોધો હટાવવાનો યજ્ઞ હતો. દેશની ૫૦ ટકા વસ્તીને અધિકાર આપવાનો પ્રયાસ નેક નિયત, પ્રામાણિકતાપૂર્વક કરાયો હતો. નારી શક્તિ વંદન સંશોધન સમયની માગ છે.

મોંઘવારી ભથ્થાનો આ વધારો ૧ જાન્યુઆરી ૨૦૨૬થી લાગૂ થયેલો ગણાશે

કેન્દ્રીય કર્મચારીઓનાં DAમાં બે ટકાનો વધારો

સરકારનાં નિર્ણયથી ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૯ લાખ પેન્શનર્સને ફાયદો, સરકારની તિજોરી ઉપર ૬,૩૯૧ કરોડ રૂપિયાનો બોજ પડશે, ત્રણ મહિનાનું એરિયર્સ પણ ચુકવાશે

| નવી દિલ્હી |

સરકાર દ્વારા કેન્દ્રીય કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થા (DA) તેમજ મોંઘવારી રાહત (DR) માં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા ડીએ તેમજ ડીઆર ૫૮ ટકાથી વધારીને ૬૦ ટકા કરવામાં આવ્યું છે. મોંઘવારી ભથ્થાનો આ વધારો ૧ જાન્યુઆરી ૨૦૨૬થી લાગૂ થયેલો ગણાશે. સરકારની તિજોરી પર આને કારણે વાર્ષિક રૂ. ૬૩૯૧ કરોડનો બોજ પડશે. સરકાર દ્વારા આ અગાઉ ઓક્ટોબરમાં મોંઘવારી ભથ્યું ૫૮ ટકાથી વધારીને ૫૮ ટકા કરવામાં આવી હતી. જેને ૧ જુલાઈ ૨૦૨૫થી અમલમાં આવ્યો હોવાનો જાહેરાત કરાઈ હતી. એરિયર્સની સાથે તેની ચૂકવણી કરવામાં આવી હતી. શનિવાર પીએમ મોદીનાં વડપણ હેઠળની કેબિનેટ મિટિંગમાં આ નિર્ણય લેવાયો હતો.

સરકારનાં આ નિર્ણયથી ૫૦.૫ લાખ કેન્દ્રીય કર્મચારીઓ તેમજ ૬૮.૩ લાખ પેન્શનર્સને ફાયદો થશે. કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે બે વખત એટલે કે જાન્યુઆરી અને જુલાઈમાં મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવે છે. જેને પરિણામે કેન્દ્રીય કર્મચારીઓનાં માસિક પગાર તેમજ પેન્શનર્સનાં પેન્શનમાં વધારો થાય છે.

૮મા પગાર પંચનો રિપોર્ટ મે ૨૦૨૭સુધીમાં મળશે

સરકાર દ્વારા કર્મચારીઓનાં વેતન અને ભથ્થામાં વધારો કરવા ૮મા પગાર પંચની જાહેરાત કરવામાં આવી છે. જેની ભલામણોનો અમલ જાન્યુઆરી ૨૦૨૬થી કરવામાં આવે તેવી સંભાવના છે. પંચ દ્વારા સરકારને તેની ભલામણો મે ૨૦૨૭ સુધીમાં સોંપવામાં આવે તેવી ધારણા છે. ૮મા પગાર પંચમાં સેલરીમાં મોટો વધારો થવાની સંભાવના છે.

કર્મચારીઓને ૩ મહિનાનું એરિયર્સ અપાશે :

સરકાર દ્વારા વધારવામાં આવેલા મોંઘવારી ભથ્થાનો અમલ પાછલી અસરથી એટલે કે જાન્યુઆરી ૨૦૨૬ થી કરવાની જાહેરાત કરાઈ છે. આમ એપ્રિલ મહિનાનાં પગારમાં તમામ કેન્દ્રીય કર્મચારીઓને જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ એમ ૩ મહિનાનું એરિયર્સ આપવામાં આવશે. સરકાર દ્વારા આ વખતે પહેલીવાર મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત કરવામાં વિલંબ થયો છે. સામાન્ય રીતે તેને માર્ચમાં જાહેર કરી દેવાય છે.

'મેટા'માં મોટા પાયે છટણીની તૈયારી, ૧૬ હજાર નોકરી જઈ શકે

પહેલા નબક્કાની શરૂઆત ૨૦ મેથી થવાની શકયતા, ૮,૦૦૦ કર્મચારીઓને કાઢી મુકાશે

| નવી દિલ્હી |

દુનિયામાં જાણીતી કંપનીઓ મોટા પાયે છટણી કરી રહી છે. ગૂગલ અને અમેરિકન જેવી કંપનીઓએ મોટી સંખ્યામાં છટણી કરી છે, પરંતુ એક વાર ફરી મેટા પ્લેટફોર્મ્સ મોટા પ્રમાણમાં છંટણીની તૈયારીમાં છે, જેના લીધે આગામી મહિનામાં લગભગ ૧૬,૦૦૦ કર્મચારીઓએ પોતાની નોકરી ગુમાવવી પડી શકે છે. વૈશ્વિક કક્ષાના એજન્સીના રિપોર્ટમાં આ મામલા સાથે સંકળાયેલાં સૂત્રોનો આધાર ટાંકીને કહેવામું છે કે પહેલા નબક્કાની શરૂઆત ૨૦ મેથી થવાની શકયતા છે, જેમાં લગભગ ૮,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુકવામાં આવશે.૨૦૨૬માં થનારી આ છટણી મેટા કંપનીનો અત્યાર સુધીનો સૌથી મોટો બદલાવ સાબિત થઈ શકે છે. માર્ક ઝકરબર્ગ હવે પોતાની કંપનીને સંપૂર્ણપણે એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પર કેન્દ્રિત કરવા માગે છે. તેથી તેઓ માણસોની જગ્યા મશીની સિસ્ટમ (મોટોમેશન)ને વધારે મહત્ત્વ આપી રહ્યા છે, જેના કારણે જૂના વર્કફોર્સને હટાવીને કંપનીનું નવું માળખું તૈયાર કરાઈ રહ્યું છે.

તામિલનાડુમાં ભીષણ માર્ગ અકસ્માતમાં ૯ના વ્યક્તિનાં મોત

| વિરુવાંતપુરમ |

શનિવારે સવારે કેરવમના મલપુરમ જિલ્લાના પોંગ ગામમાં એકસાથે નવ એમ્બ્યુલન્સનો કાફલો પ્રવેશ્યો હતો. આ એમ્બ્યુલન્સોમાં પલિયપરંબા સરકારી હોસ્પર પ્રાઈમરી સ્કૂલના શિક્ષકો, બિનશૈક્ષિક કર્મચારીઓ અને તેમના પરિવારજનોના મૃતદેહો લાવવામાં આવ્યા હતા. હલીકતમાં આ સદકર્મીઓ અને તેમના પરિવારજનો એકસાથે આનંદ માણવા અને કેરવા નીકળ્યા હતા અને પડોશી રાજ્ય તામિલનાડુમાં થયેલા ભીષણ માર્ગ અકસ્માતમાં નવ લોકોનાં મૃત્યુ થયાં હતાં. પોલીસ સૂત્રો અનુસાર, ૧૩ લોકોનો સમૂહ શુક્રવારે સવારે પ્રવાસે નીકળ્યો હતો. જેમાં શિક્ષકો, બિનશૈક્ષિક કર્મચારી, તેમના પરિવારજનો અને વાહનચાલકનો સમાવેશ થાય છે.આપવાસ અનાધ્યાત્મિક હતો અને તેમાં અધિકારીપ્રેલી પોંધ પછી તામિલનાડુના કોયંબતૂર જિલ્લાના વાલપરાંઈ જવાની યોજના હતી. આ દરમિયાન માર્ગ અકસ્માત થયો. દુર્ઘટનામાં નવ લોકોનાં મૃત્યુ થયાં, જ્યારે ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા, જેમને તામિલનાડુની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા.

રાજશ્રી વિશ્વાસ કુટુંબનાં સર્વોત્તમ કાર્યાર્થ
TRUSTED જીતો મર્સિડીઝ કાર
ડ્રોઈંગ ₹400/-
ડ્રો તારીખ 28.04.2026 સાંજે 06.30 કલાકે
વધુ જાણકારી માટે સંપર્ક કરો: 79018-77513, 80005-97888

અમેરિકન ઓપિનિયન રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ મોર્નિંગ કન્સલ્ટન્ટના સર્વેમાં ખુલાસો

પીએમ મોદી ફરીવાર દુનિયાના સૌથી લોકપ્રિય નેતા જાહેર, ટ્રમ્પ ૧૦મા સ્થાને

નવીદિલ્હી: વૈશ્વિક લોકપ્રિયતા સરવેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હજુ પણ ટોચના સ્થાને યથાવત છે. અમેરિકન ઓપિનિયન રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ મોર્નિંગ કન્સલ્ટન્ટ દ્વારા તાજેતરમાં જે પ્રસિદ્ધ કરાયેલ વૈશ્વિક સર્વેક્ષણના પરિણામોમાં આ વાત સામે આવી છે. સરવેમાં એમ પણ કહેવાયું છે કે વૈશ્વિક રાજકારણમાં ફરીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનો દબદબો સાબિત કર્યો છે. લગભગ ૨૪ લોકશાહી દેશોમાં કરાયેલા આ સરવેમાં સામેલ ૭૦ ટકા લોકોએ વડાપ્રધાન મોદીના નેતૃત્વ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સરવેક્ષણ અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાની આક અન્ય વૈશ્વિક નેતાઓની તુલનામાં ઘણો ઊંચો છે. જ્યારે બીજી તરફ જર્મનીના ચાન્સલર ફ્રેડરિક મર્ઝ આ મામલે પાછા પડ્યા છે, તેમને દુનિયાના સૌથી અલોકપ્રિય નેતા આંકવામાં આવ્યા છે. આ યાદીમાં બીજા સ્થાને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ (૬૩ ટકા) અને ત્રીજા સ્થાને ચેક રિપબ્લિકના વડાપ્રધાન આંદેજ બાબિસ (૫૫ ટકા) છે. પરંતુ મોદીએ સતત પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

સરવેમાં સાથે જ કહેવાયું હતું કે એક તરફ ભારતીય વડાપ્રધાનની વૈશ્વિક સ્વીકાર્યતા વધુ મજબૂત થઈ રહી છે. ત્યાં જ યુરોપના પ્રમુખ દેશોના નેતાઓએ જનતાના વિરોધ અને અવિશ્વાસનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે, અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતાનું સ્તર પણ ગગડ્યું છે.

બૅંક ઑફ બરોડા, આરઓએસએઆર શાખા સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ
ડ્રાઇ મારા, સુરજ પ્લાઝા નિલ્ડીંગ-III, સયાજીગંજ, વડોદરા - ૩૯૦૦૦૫ ફોન : ૦૨૬૫-૨૨૨૫૨૦૨, ૨૩૬૩૩૫૧ ઈમેલ : sarbar@bankofbaroda.com
પરિશિષ્ટ-એ (રૂલ્સ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)
નિયમોની સરકારેલ (એલ્યોરીનિયમ), ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા સિક્યોરીટી એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સિક્યોરીટીઝ ઇન્ટરેસ્ટ એન્ડ કસ્ટોડિયન્સ) રૂલ્સ, ૨૦૦૧ ના રૂલ ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટીઝ ઇન્ટરેસ્ટ એન્ડ કસ્ટોડિયન્સ રૂલ્સ, ૨૦૦૧ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ.
સરકારી બેંક ઉપર દર્શાવેલ કર્જદાર(ઓ) અને જામીનદાર(ઓ) તથા ગેરંટીદાર(ઓ) ને નોટિસ આપવા માટે જાણીતા છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે **"જેસે કી જેસે"** **"જે કાંઈ છે તેમ"** **"નાખવા વિના"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે. ટેન્ડરદારો/બોલીકારો/ સિક્યોરીટી મિલકતો/ (ત્યારે) સ્થાન/ ટેન્ડર ફોર્મ/ ઈ-હરાજીની તારીખ અને સમય, પ્રોસેસ્ડ ફોર્મ વધુ વિગતો માટે બેંકનો સંપર્ક કરશે.
ઈ-હરાજીની તારીખ : ૦૬.૦૫.૨૦૨૬ • ઈ-હરાજીનો સમય : બપોરે ૦૨:૦૦ થી સાંજે ૦૬:૦૦
• કબજાનો પ્રકાર : બધી મિલકતો પ્રત્યક્ષ કબજામાં છે

ક્રમ નંબર નં.	દેવાદાર/જામીનદાર/ ગીરોદારનું નામ અને સ્થળનું	જાણતાં હોય તેવા કબોજ ગર્ભિત બંધન / સ્થાવર મિલકતનું હુંડુ વર્ણન (પ્રાથમિક/વિભાગનું નામ)	કુલ બાકી	૧. રીઝર્વ કિંમત, ૨. ઇમર્નેસ મની ડિપોઝિટ (ઇએમડી) ૩. બોલી વૃદ્ધિની રકમ	નિલામ નિરીક્ષણની તારીખ અને સમય
1	શ્રી ચમનલાલભાઈ નગીનભાઈ પટેલ, સુનાબેન ચમનલાલભાઈ પટેલ, વિનય ચમનલાલભાઈ પટેલ, વિનય ચમનલાલભાઈ પટેલ અને બેનીફીશરીઝ શ્રી વિનય ચમનલાલભાઈ પટેલ	**૧ પ્રોપર્ટી ફોર સેલ : ૩૧૬, જીનો મલ્ટા - ૩૧, "બીજુ ફ્લોર"** બાંધકામ સહિતના ઉત્તરના ભાગે, ગામતળની અવિભાજીત ઉત્તરના ભાગે ૧૦૮ ચો.મી. ટોટલ ૧૮૦ ચો.મી. ક્રાર્પેટ એરિયા સાથે